# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 31-03-2026** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : TUESDAY** **National News**

આકાશવાણી સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

***************************************************

**1)** પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગુજરાતના ગાંધીનગરમાં સમ્રાટ સંપ્રતિ સંગ્રહાલયનું ઉદ્ઘાટન કરતા કહ્યું, આ સંગ્રહાલયનો સંદેશ માનવતા માટે મહત્વનો.

**2)** પ્રધાનમંત્રી સાણંદમાં કેન્સ સેમિકન્ડક્ટર OSAT પ્લાન્ટનું લોકાર્પણ અને વાવથરાદમાં 19 હજાર 800 કરોડ રૂપિયાના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે.

**3)** મૂડી બજારમાં રોકાણ સંબંધિત નવા નિયમનું આગામી પહેલી જુલાઈથી અમલીકરણ કરાશે – RBIનો નિર્ણય.

**4)** દેશભરમાં આજે મહાવીર જયંતીની ઉજવણી – રાષ્ટ્રપતિ અને ઉપરાષ્ટ્રપતિ સહિતના મહાનુભાવોએ શુભકામનાઓ પાઠવી.

**5)** IPL ક્રિકેટમાં આજે ગુજરાત જાયન્ટ્સ અને પંજાબ કિંગ્સ વચ્ચે ન્યૂ ચંદીગઢમાં મુકાબલો.

.........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો...

# PM MODI GUJARAT VISIT UPDATE

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગાંધીનગરના કોબામાં શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર ખાતે સમ્રાટ સંપ્રતિ સંગ્રહાલયનું ઉદ્ઘાટન કર્યું. આ પ્રસંગે જાહેર સભાને સંબોધતાં શ્રી મોદીએ સૌને મહાવીર જયંતીની શુભેચ્છાઓ પાઠવી હતી.

(BYTE: NARENDRA MODI, PM) – MAHAVIR JAYANTI

શ્રી મોદીએ આ સંગ્રહાલયને ભારતના ગૌરવશાળી ભૂતકાળનો વારસો ગણાવ્યો. તેમણે કહ્યું, એક તરફ કેટલાક શાસકોએ હિંસાને હથિયાર બનાવીને શાસન કર્યું. તેવામાં સમ્રાટ સંપ્રતિએ સિંહાસન પર બેસીની અહિંસાનું વિસ્તરણ કર્યું હતું. તેમણે સત્ય, ચોરી ન કરવી અને અપરિગ્રહનો પ્રચાર-પ્રસાર પણ કર્યો હતો.

(BYTE: NARENDRA MODI, PM) – JAIN MUSEUM

શ્રી મોદીએ વિશ્વની વર્તમાન પરિસ્થિતિનો ઉલ્લેખ કરતા કહ્યું, આ સંગ્રહાલયનો સંદેશ સમગ્ર માનવતા માટે મહત્વનો છે.

(BYTE: NARENDRA MODI, PM) GLOBAL SITUATION

અગાઉ સવારે રાજ્યપાલ આચાર્ય દેવવ્રત, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સહિતના મહાનુભાવોએ અમદાવાદ વિમાનમથક પર શ્રી મોદીનું સ્વાગત કર્યું હતું.

પ્રધાનમંત્રી સાણંદમાં કેન્સ સેમિકન્ડક્ટર OSAT પ્લાન્ટનું ઉદ્ઘાટન કરશે. ઉપરાંત શ્રી મોદી નવરચિત વાવ-થરાદ જિલ્લામાં 19 હજાર 800 કરોડ રૂપિયાથી વધુના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે. ત્યારબાદ તેઓ આસામ જવા રવાના થશે.

# RBI DEFERS NORMS

ભારતીય રિઝર્વ બૅન્ક – RBI-એ મૂડી બજારમાં રોકાણ સંબંધિત પોતાના નવા નિયમના અમલીકરણને ત્રણ મહિના માટે મુલતવી રાખ્યા છે. નવી સમય મર્યાદા હવે પહેલી ઍપ્રિલની જગ્યાએ પહેલી જુલાઈ કરવામાં આવી છે.

કેન્દ્રીય બૅન્કે જણાવ્યું, બૅન્ક, મૂડી બજાર મધ્યસ્થીઓ અને ઔદ્યોગિક એકમોની રજૂઆત બાદ આ નિર્ણય કરાયો છે. આ સંસ્થાઓએ કેટલાક મુદ્દાઓ પર વધુ સમય અને સ્પષ્ટતાની માગ કરી હતી.

નવા દિશાનિર્દેશ અગાઉ ફેબ્રુઆરીમાં જાહેર કરાયા હતા. તેનો ઉદ્દેશ બૅન્કો માટે ભારતીય કંપનીઓ દ્વારા સંપાદનોને નાણા આપવાનું સરળ બનાવવા, શૅર્સ અને તેના જેવા સાધનો સામે લૉન મર્યાદાને સુવ્યવસ્થિત કરવા તથા બજાર મધ્યસ્થીઓને ધિરાણ આપવા વધુ સિદ્ધાંત આધારિત દ્રષ્ટિકોણને લાગૂ કરવાનો છે.

# BJP WEST BENGAL LIST

ભારતીય જનતા પાર્ટીની કેન્દ્રીય ચૂંટણી સમિતિએ આજે પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણી માટે 13 ઉમેદવારની ચોથી યાદી જાહેર કરી છે. શ્યામલ હાટી હાવડા દક્ષિણથી, પ્રદીપ લોઢા ગારબેટાથી, અરિજિત રૉય બારાબનીથી અને ગિરિજા શંકર રૉય નટબારી વિધાનસભા બેઠકથી ચૂંટણી લડશે. પાર્ટીએ મયનાગુડી વિધાનસભા બેઠકથી બીજી યાદીમાં એક નામ સુધાર્યું છે. હવે આ બેઠક પરથી દલીમ રૉય ચૂંટણી મેદાનમાં ઉતરશે.

# BIHAR STAMPEDE

બિહારમાં નાલંદા જિલ્લાના બિહાર શરીફ ખાતે મઘરા શીતળાષ્ટમી મંદિરમાં ધાર્મિક વિધિ દરમિયાન ભાગદોડ થતાં આઠ મહિલાના મોત થયા છે જ્યારે અનેક શ્રદ્ધાળુઓ ઇજાગ્રસ્ત થયા છે. ઘાયલોને તાત્કાલિક સ્થાનિક હોસ્પિટલોમાં ખસેડવામાં આવ્યા છે. પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર અફવાને કારણે અંધાધૂંધી ફેલાતા ભાગદોડ મચી હતી. જો કે મૃતકોની સંખ્યા વધવાની શક્યતા છે. બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમાર અને નાયબ મુખ્યમંત્રી સમ્રાટ ચૌધરીએ આ બનાવ અંગે શોક વ્યક્ત કર્યો છે. શ્રી ચૌધરીએ જણાવ્યું હતું કે, સરકાર અસરગ્રસ્ત પરિવારોને શક્ય તેટલી સહાય અને રાહત પૂરી પાડી રહી છે. મુખ્યમંત્રીએ મૃતકોના નજીકના સંબંધીઓને 6 લાખ રૂપિયાની સહાય આપવાનો નિર્દેશ આપ્યો છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

ડેસ્ક

# MAHAVIR JAYANTI

જૈન સમુદાયના 24-મા અને અંતિમ તીર્થંકર પ્રભુ મહાવીરની જયંતીની આજે ઉજવણી કરવામાં આવી રહી છે. આજના દિવસે પ્રભુ મહાવીરની વિશેષ પ્રાર્થના કરાય છે અને રથયાત્રાઓ યોજાય છે. આ પર્વ કરૂણા, ધીરજ અને સત્યના વ્રતના પાલન કરવાનો સંદેશ આપે છે.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ, ઉપરાષ્ટ્રપતિ સી. પી. રાધાકૃષ્ણન, લોકસભા અધ્યક્ષ ઓમ બિરલા, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ સહિતના મહાનુભાવોએ લોકોને મહાવીર જયંતીની શુભકામનાઓ પાઠવી છે.

રાષ્ટ્રપતિએ સોશિયલ મીડિયા સંદેશમાં લખ્યું, પ્રભુ મહાવીરના પાંચ સિદ્ધાંત અહિંસા, સત્ય, ચોરી ન કરવી, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ જીવનમાં સત્યના માર્ગે ચાલવા પ્રેરણા આપે છે. આ સિદ્ધાંતને અપનાવીને લોકો પોતાનું જીવન સાર્થક બનાવી શકે છે.

ઉપરાષ્ટ્રપતિએ લખ્યું, પ્રભુ મહાવીરના ઉપદેશ લોકોને કરુણામયી જીવન જીવવા પ્રેરિત કરશે.

શ્રી શાહે પણ મહાવીર જયંતીની શુભેચ્છાઓ પાઠવતા, પ્રભુ મહાવીરના પાંચ સિદ્ધાંતને આધ્યાત્મિક માર્ગદર્શનની સાથે એક મજબૂત, નૈતિક અને સુમેળભર્યા રાષ્ટ્રના નિર્માણ માટે મજબૂત આધાર ગણાવ્યા.

લોકસભા અધ્યક્ષ ઓમ બિરલાએ કહ્યું, પ્રભુ મહાવીરના હજારો વર્ષ પહેલા અપાયેલા સિદ્ધાંત આજે પણ પ્રાસંગિક છે.

# PM CONDOLENCES SURINAME

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સૂરીનામના પૂર્વ રાષ્ટ્રપ્રમુખ ચંદ્રિકાપ્રસાદ સંતોખીના અચાનક અવસાન અંગે ઉંડો શોક વ્યક્ત કર્યો. સોશિયલ મીડિયા સંદેશમાં તેમણે કહ્યું, તેમનું અવસાન માત્ર સૂરીનામ જ નહીં, પરંતુ સમગ્ર વિશ્વમાં રહેતા ભારતીય સમુદાય માટે કદી ન પૂરાય તેવી ખોટ છે.

શ્રી મોદીએ કહ્યું, શ્રી સંતોખી સાથેની મુલાકાતોને યાદ કરતા પ્રધાનમંત્રીએ કહ્યું, સૂરીનામ માટે તેમની અથાગ સેવા અને ભારત-સૂરીનામ સંબંધને મજબૂત કરવાના તેમના પ્રયાસ તેમની વાતચીતમાં સ્પષ્ટપણે જોવા મળતું હતું.

સૂરીનામના પૂર્વ રાષ્ટ્રપ્રમુખને ભારતીય સંસ્કૃતિ સાથે વિશેષ લગાવ હતો. તેમણે સંસ્કૃતમાં શપથ લઈને ઘણા લોકોના દિલ જીતી લીધા. શ્રી મોદીએ આ દુઃખના સમયમાં તેમના પરિવાર અને સૂરીનામના લોકો પ્રત્યે ઊંડી સંવેદના વ્યક્ત કરી.

# MISRI-RUSSIAN FM

વિદેશ સચિવ વિક્રમ મિસરીએ નવી દિલ્હીમાં રશિયાના નાયબ વિદેશ મંત્રી આન્દ્રે રુડેન્કો સાથે વિદેશ કાર્યાલયમાં પરામર્શ કર્યો હતો. વિદેશ મંત્રાલયે જણાવ્યું કે, બંને પક્ષે દ્વિપક્ષીય સંબંધના સમગ્ર ક્ષેત્રની સમીક્ષા કરી અને પરસ્પર હિતના પ્રાદેશિક તથા વૈશ્વિક મુદ્દાઓ પર પણ પોતાનો  દ્રષ્ટિકોણ રજૂ કર્યો.

બંને પક્ષે ગયા વર્ષે ડિસેમ્બરમાં નવી દિલ્હીમાં યોજાયેલા 23મા વાર્ષિક શિખર સંમેલનમાં કરાયેલા નિર્ણયોના અમલીકરણ પર પ્રગતિ અંગે વાત કરી હતી. શ્રી રુડેન્કોએ  વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર સાથે પણ મુલાકાત કરી હતી.

# DUBAI COAST HIT - OIL TANKER

દુબઈના દરિયાકાંઠે કુવૈતના તેલ ટેન્કર પર ઈરાને ડ્રોન હુમલો કરતાં વ્યાપક સંઘર્ષ અને વૈશ્વિક ઉર્જા પુરવઠામાં વિક્ષેપ પડવાની શક્યતા વધી. આશરે 2 મિલિયન બેરલ ક્રૂડ ઓઈલ લઈ જતા કુવૈતના ધ્વજવાળા ટેન્કર અલ-સાલ્મીમાં હુમલા બાદ આગ લાગી હતી.

દુબઈના અધિકારીઓએ કહ્યું, આગ પર કાબુ મેળવી લેવાયો છે અને ક્રૂના તમામ 24 સભ્ય સલામત છે. કુવૈત પેટ્રોલિયમ નિગમે ચેતવણી આપી કે નુકસાનથી તેલ લીક થઈ શકે છે. ઈરાન પર અમેરિકા અને ઇઝરાયેલના હુમલા બાદ વધતા તણાવ વચ્ચે આ ઘટના બની છે. અગાઉ, અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ચેતવણી આપી હતી કે જો ઈરાન હોર્મુઝ સામુદ્રધુનીને અવરોધિત કરવાનું ચાલુ રાખશે તો અમેરિકા તેના પાવર પ્લાન્ટ અને તેલ કુવાઓનો નાશ કરશે.

# IPL CRICKET GUJ

ઇન્ડિયન પ્રીમિયર લીગ – IPL ટી-20 ક્રિકેટમાં આજે ગુજરાત જાયન્ટ્સ અને પંજાબ કિંગ્સ વચ્ચે મુકાબલો થશે. ન્યૂ ચંદીગઢમાં મહારાજા યાદવિન્દ્ર સિંઘ આંતરરાષ્ટ્રીય ક્રિકેટ સ્ટેડિયમમાં સાંજે સાડા સાત વાગ્યે મેચ શરૂ થશે. ગુજરાતની ટીમ શુબમન ગિલ અને પંજાબની ટીમ શ્રેયસ અય્યરની આગેવાની હેઠળ મેદાનમાં ઉતરશે.

ગઈકાલે આસામમાં રમાયેલી મેચમાં રાજસ્થાન રોયલ્સે ચેન્નઈ સુપર કિંગ્સને આઠ વિકેટથી હરાવ્યું. ચેન્નઈની ટીમ 19.4 ઑવરમાં 127 રન પર આઉટ થઈ. જવાબમાં રાજસ્થાન રોયલ્સે 12.1 ઑવરમાં બે વિકેટ ગુમાવી 128 રન કરીને મેચ જીતી લીધી.